### સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગામ: મ. સ. યુનિ.ના રીસર્ચ-ઈનોવેશન માટે 12 એમઓયુ

# સંસ્કૃત મહાવિદ્યાલય યુએસમાં ટેમ્પલ મેનેજમેન્ટ શિખવાડશે

## ફૂડ એન્ડ ન્યુટ્રિશન વિભાગ નેપાળ પાસેથી ડેરી ટેકનોલોજી મેળવશે

એજ્યુકેશન રિપોર્ટર | વડોદરા

એમ.એસ.યુનિવર્સિટીએ રીસર્ચ-ઈનોવેશન અને સ્ટુડન્ટ એક્ષચેન્જ માટે 12 એમઓયુ કરવામાં આવ્યા છે. જેમાં સંસ્કૃત મહાવિદ્યાલય અમેરિકામાં ટેમ્પલ મેનેજમેન્ટનો અભ્યાસ કરાવશે, ફૂડ એન્ડ ન્યુટ્રીશન વિભાગ નેપાળ પાસેથી ડેરી ટેકનોલોજીની એક્ષપર્ટ મેળવશે. કોમર્સ ફેકલ્ટીના વિદ્યાર્થી જાપાનની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે ગ્લોબલ લીડરશીપ પર ચર્ચાસત્ર યોજશે.

અમેરિકા, યુકે, ઘાના, જાપાન, મોરેશિયસ, નેપાળ સહિતના દેશો સાથે 5 વર્ષનો એમઓયુ કરાયો છે. એમ.એસ.યુનિ.ની ઓફિસ ઓફ ઈન્ટરનેશનલ અફેર્સના પ્રયાસોના ભાગરૂપે યુનિ.ના 67 એમઓયુ કરાયા છે જેના કારણે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને રિસર્ચ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્તર મળશે. ઓફીસ ઓફ ઈન્ટરનેશનલ અફેર્સના ડાયરેક્ટર ધનેશ પટેલ તથા ડે.ડાયરેક્ટર વનીશા નામ્બીયાર દ્વારા છેલ્લા 3 થી 4 મહિનાઓમાં સતત આંતરરાષ્ટ્રીય સ્તર પર વિવિધ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ સાથે વાર્તાલાપ કરીને એમઓયુ સાઈન કર્યા છે. જેના પગલે યુનિવર્સિટીમાં રીસર્ચ ક્ષેત્રે જોઈન્ટ કોલોબ્રેશન કરીને આગળ વધી શકાશે. સ્ટુડન્ટ એક્ષચેન્જ પ્રોગામ ના માધ્યમથી પણ વિદ્યાર્થીઓની આપ લે કરી શકાશે આ ઉપરાંત અન્ય દેશની યુનિ.ના એક્ષપર્ટની મદદ પણ મળી રહેશે.

### કોની સાથે MOU સાઇન કરાયો

| સંસ્થા | દેશ | ફેકલ્ટી |
|---|---|---|
| 1. કોલેજ ઓફ એપ્લાઇડ ફૂડ એન્ડ ડેરી ટેકનોલોજી | નેપાલ | હોમ સાયન્સ |
| 2. શ્રી સીધ્ધી વિનાયક ટેમ્પલ કુબેર ભંડારી અને શક્તિ ધામ ટેમ્પલ | અમેરિકા | આર્ટસ |
| 3. કલ્ચરલ હાઉસ ઓફ રીપબ્લીકન ઓફ ઇરાન, મુંબઇ | ભારત | આર્ટસ |
| 4. આઇબીએવીઆઇ વેસ્ટર્ન વોશીંગ્ટન યુનિ. | અમેરિકા | હોમ સાયન્સ |
| 5. આઇબીએવીઆઇ વેસ્ટર્ન વોશીંગ્ટન યુનિ | અમેરિકા | હોમ સાયન્સ |
| 6. યુનિ. ઓફ કેપ કોસ્ટ | ઘાના | આર્ટસ |
| 7. કોટન કનેક્ટ સાઉથ એશીયા પ્રા લી | સાઉથ એશીયા | હોમ સાયન્સ |
| 8. ક્વામી નીક્રુમહ યુનિ. | ઘાના | હોમ સાયન્સ |
| 9. ઇન્ટરનેશનલ ફૂડ પોલીસી રીસર્ચ ઇન્સટ્યુટ | અમેરિકા | હોમ સાયન્સ |
| 10. યુનિ. ઓફ મોરીશ્યસ | મોરીશ્યસ | હોમ સાયન્સ |
| 11. યુનિ. ઓફ એસેક્સ | યુકે | એમએસયુ |
| 12. ધ વર્લ્ડ ઇન્ક. | જાપાન | કોમર્સ |